# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠામાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે વાર્તાલાપ કર્યો

**ગુજરાત રાજ્ય ભારતમાં પ્રાકૃતિક કૃષિનું 'રોલ મોડલ' બનશે : રાજ્યપાલશ્રી**





સાબરકાંઠા જિલ્લામાં આવેલી સાબર ડેરી ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો હતો, જેમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિકારો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જિલ્લાના ખેડૂતો સાથે વાર્તાલાપ કરી ખેડૂતોના અનુભવોની વિગતો મેળવી હતી અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતોના મંતવ્યો સાંભળ્યા હતા. ખેડૂતોને માર્ગદર્શન આપતાં તેમણે જણાવ્યું કે પશુધન અને ખેતી એકબીજાના પૂરક છે. બંને સંકલિત હશે તો જ ખેડૂતોને યોગ્ય વળતર મળશે. અરવલ્લી અને સાબરકાંઠાના ખેડૂતો પશુપાલન ક્ષેત્રે માહિર છે. ગુજરાત સરકાર પશુ ધનને બચાવવા કાર્યરત છે. પશુને લાભકારી બનાવી ખેડૂતો લાભ મેળવી શકે છે. પશુઓની નશલ સુધારી તેને વધુમાં વધુ લાભકારી બનાવી શકાય છે. રાજ્યપાલશ્રીએ પશુપાલન અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.

રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે, જેની નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર વ્યાપક અસરો થતાં કેન્સર, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ સમાજમાં વધ્યું છે. મનુષ્યની સાથે પશુઓમાં પણ કેન્સર જેવા રોગ જોવા મળે છે. કમોસમી વરસાદ, ગ્લોબલ વોર્મિંગનું કારણ પણ રાસાયણિક ખાતર છે. જળવાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહી, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેત પદ્ધતિથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા વપરાશને પરીણામે જમીન બિનઉપજાઊ બની રહી છે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા આગામી એક વર્ષમાં રાજ્યના તમામ તાલુકાઓમાં દસ ગામ દીઠ એક કલસ્ટર બનાવવામાં આવશે. જેમાં આત્માના અધિકારીઓને પણ જોડવામાં આવશે. રાજયમાં મોટી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજયભરમાં ૧,૫૦૦ જેટલા માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવશે. જેઓ ગામડાઓમાં જઈને દેશી નસલની ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, જીવામૃત, ઘનજીવામૃત બનાવવા અંગે ખેડૂતોને તાલીમબદ્ધ કરશે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૨૭ કેસ નોંધાયા

**કોરોનાને કારણે અમદાવાદમાં ૧ દર્દીનું મોત થયું છે, એકટિવ કેસનો આંકડો ૨૧૪૨ પર પહોંચ્યો છે**

ગાંધીનગર, તા.૬

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોના કેસ દિવસેને દિવસે વધી રહ્યાં છે. આજે ગુજરાતમાં કોરોનાના ૩૨૭ કેસ નોંધાયા છે. આજે રાજયમાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. આજે અમદાવાદમાં ૯૫, વડોદરા જિલ્લામાં ૩૨, સુરતમાં ૨૯, વડોદરામાં ૨૮, રાજકોટ જિલ્લામાં ૧૩, મોરબીમાં ૧૨, વલસાડમાં ૧૨, સુરત જિલ્લામાં ૮, પાટણમાં ૭, આણંદમાં ૬, ગાંધીનગરમાં ૬, સાબરકાંઠામાં ૬, સુરેન્દ્રનગરમાં ૪, અમરેલીમાં ૪, ભરુચમાં ૪, ભાવનગરમાં ૪, રાજકોટમાં ૪, અમદાવાદ જિલ્લામાં ૩, બનાસકાંઠામાં ૩, ગાંધીનગર જિલ્લામાં ૩, જામનગર જિલ્લામાં ૩, જામગરમાં ૩, નવસારીમાં ૩, કચ્છમાં ૨, પંચમહાલમાં ૨, પોરબંદરમાં ૨, અરવલ્લીમાં ૧, ગીર સોમનાથમાં ૧, મહીસાગરમાં ૧ અને તાપીમાં ૧ કેસ નોંધાયો છે.

કોરોનાને કારણે આજે અમદાવાદમાં ૧ દર્દીનું મોત થયું છે. એકટિવ કેસનો આંકડો ૨૧૪૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૧૧ દર્દી વેન્ટીલેટર પર છે અને ૨૧૩૧ દર્દી સ્ટેબલ છે. આજે ૩૬૦ દર્દીઓનો ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના આંકડામાં વધઘટ જોવા મળી રહી છે.

ગુજરાતમાં પણ કોરોનાના સંક્રમણમાં સતત વધારો થઈ રહ્યો છે. તેવામાં ગાંધીનગર જિલ્લાના ૧૦ આરોગ્ય કેન્દ્રના ૫૫ કર્મચારીઓને નોટિસ આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે સામુહિક તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર કર્મચારીઓની અનિયમિતાની ફરિયાદના પગલે આરોગ્ય કર્મચારીઓને નોટીસ આપવામાં આવી છે. જેમાં અધિક્ષક, સ્પેસ્યાલિસ્ટ, મેડિકલ ઓફીસર સહિત અન્ય કર્મીઓને નોટીસ આપી અનિયમીતતા અંગે ખુલાસો માગ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણ વચ્ચે ઘણા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા આરોગ્ય કેન્દ્રોમાં પોતાની ફરજ દરમ્યાન અનિયમિત હોવાની વ્યાપક બૂમરાણ ઉઠવા પામી હતી. જેનાં પગલે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અશોક વૈષ્ણવ દ્વારા મેડિકલ અધિકારીઓની અલગ અલગ ટીમો બનાવી ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

**હનુમાન જયંતીના પાવન અવસરે સાળંગપુર ખાતે**

# કષ્ટભંજન હનુમાનજીના દર્શન કરી અમિત શાહે ધન્યતા અનુભવી

**કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શીશ નમાવી સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ સાથે કષ્ટભંજનદેવની કૃપા હંમેશા વરસતી રહે તેવી કરી પ્રાર્થના**

ગાંધીનગર, તા.૬

સાળંગપુરમાં કષ્ટભંજન દેવ ભોજનલયના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ હોદ્દેદારો પ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા), વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવં સંપ્રદાયના



શાહે જણાવ્યું હતું કે, ગોપાળાનંદ સ્વામીના હસ્તે પ્રતિષ્ઠિત શ્રી સાળંગપુર ધામમાં આ ભવ્ય પ્રતિમાના લોકાર્પણ નિમિતે આજે ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો એ ગૌરવની વાત છે. તેમણે કહ્યું કે, કોઈપણ વ્યક્તિના જીવનમાં આવતા દુઃખ દર્દ અને સંકટ આવે ત્યારે શ્રી કષ્ટભંજન દેવની યાદ આવે. જેનો વ્યક્તિગત અનુભવ મને પણ છે.

શ્રી અમિત શાહે હનુમાન જયંતીના પાવન પ્રસંગે બોટાદ જિલ્લાની મુલાકાત દરમિયાન કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શીશ નમાવી સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ સાથે કષ્ટભંજનદેવની કૃપા હંમેશા વરસતી રહે તેવી પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રીશ્રીએ સાળંગપુર સ્થિત કષ્ટભંજન દેવ મંદિરમાં કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમાની તકતીનું અનાવરણ કર્યું હતું.

આ અવસરે વડતાલ સ્વામિનારાયણ મંદિરના પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશ પ્રસાદજી મહારાજ, વડતાલધામના ટેમ્પલ બોર્ડના મૂર્ધન્ય સંતો, શ્રી વિવેકસાગરજી સ્વામી, શ્રી વિષ્ણુ પ્રકાશ દાસજી સ્વામી (અથાણાવાળા) સહિત સર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી કાળુભાઇ ડાભી, શ્રી ડી. કે. સ્વામી, શ્રી રમણલાલ વોરા, શ્રી કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ વિરાણી, જિલ્લા કલેકટરશ્રી ડૉ. જીન્સી રોય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાનિયા સહિત જિલ્લાના પદાધિકારીઓ-અધિકારીઓઓ તેમજ સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતાં.

# સિંધુભવન રોડ પરની હોટલ તાજમાં ૧૦ જુગારી ઝડપાયા

**અમદાવાદના પોશ વિસ્તારમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર પીસીબીના દરોડા : તાજ હોટલના સાતમા માળે રૂમ નંબર ૭૨૧માં દરોડામાં હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું**

અમદાવાદ , તા.૬

અમદાવાદમાં દારૂ અને જુગારના અડ્ડા પર પોલીસ વારંવાર રેડ કરીને આરોપીઓને ઝડપી પાડતી હોય છે. પરંતુ શહેરના પોશ વિસ્તારમાં ચાલી રહેલા હાઈપ્રોફાઈલ જુગારધામ પર પીસીબીએ રેડ પાડીને હાઈપ્રોફાઈલ બિઝનેસમેનોને જુગાર રમતાં ઝડપી પાડ્યા હતાં. પીસીબીએ ૧૦ લોકો સામે નામજોગ ફરિયાદ કરીને ઘટના સ્થળેથી ૧૦.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ધરપકડ કરેલા આરોપીઓને ગણતરીના સમયમાંજ જામીન મળી ગયાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પીસીબીને બાતમી મળી હતી કે અમદાવાદ શહેરમાં સિંધુભવન રોડ પરની વૈભવી તાજ હોટલના સાતમા માળે રૂમ નંબર ૭૨૧માં હાઈપ્રોફાઈલ બિઝનેસમેનોની ગેરકાયદે પ્રવતિ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસે તાજ હોટલના સાતમા માળે રૂમ નંબર ૭૨૧માં દરોડા પાડ્યા હતા. જ્યાં હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું હતું. જેમાં પાના, કોઈન્સ રોકડ, મોબાઈલ ફોન સહિત ૧૦ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.

પોલીસે રૂમમાં દરોડા દરમ્યાન ૧૦ જુગારીઓની ધરપકડ પણ કરી હતી. પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે છેલ્લા એક અઠવાડિયાથી વૈભવી હોટલમાં રૂમો રાખીને જુગાર રમતા હતા. જેમાં પકડાયેલા આ ૧૦ જુગારીઓમાંથી એકનું નામ કૈલાશ ગોયેકા છે તેઓ સંકલ્પ ગ્રુપના માલિક છે. તો અન્ય શખ્સો પણ બિઝમેન છે. પૂછપરછમાં સામે આવ્યું કે જે રોકડ ઝડપાઈ તેનાથી જ શખ્સો જુગાર રમતા હતા.

# કમિટીમાં શિક્ષકોની બદલી બાબતે સહમતી સધાઈ

**શિક્ષકોની બદલીને લઈ બેઠક પૂર્ણ : આગામી સત્રથી શિક્ષકો બદલીના સ્થળે નોકરી કરે તેવા વિભાગ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર, તા.૬

કમિટીમાં શિક્ષકોની બદલી બાબતે સહમતી સધાઈ છે તેમજ બેઠકમાં ઠરાવના સુધારા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઈ છે. શિક્ષકોની બદલી સંદર્ભે સરકાર આખરી નિર્ણય કરશે તેમજ નિયામક તથા શિક્ષણમંત્રી કક્ષાએ આગામી દિવસોમાં ચર્ચા થશે. કોર્ટમાં ચાલી રહેલ કેસોમાં પણ નવા ઠરાવના પગલે પોઝિટિવ નિરાકરણ આવશે. આગામી સત્રથી શિક્ષકો બદલીના સ્થળે નોકરી કરે તેવા વિભાગ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવશે

ગાંધીનગરમાં શિક્ષકોની બદલી માટે નિયમો સંદર્ભે રચાયેલી કમિટીની બેઠક પૂર્ણ, કોર્ટમાં ચાલી રહેલ કેસોમાં પણ નવા ઠરાવના પગલે પોઝિટિવ નિરાકરણ આવશે, કમિટીમાં શિક્ષકોની બદલી બાબતે સહમતી સધાઈ, હવે શિક્ષકોની બદલી સંદર્ભે સરકાર કરશે આખરી નિર્ણય

પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વીજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨ જે જે કોર્ટ મેટરો થઈ હતી અને જે અનુસંધાને તેમજ ઓનલાઈન બદલીઓના કેમ્પો થયા હતા તેમને રિલિઝ કરવા માટે જે પ્રક્રિયા સ્થગિત થઈ હતી જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી હતી. જે અનુસંધાને ચાર બેઠકો થઈ હતી તેમણે કહ્યું કે, આજની અતિમ બેઠકમાં જે ચર્ચા કરવાની હતી જે કમિટિ લેવેલે પૂર્ણ થઈ છે આગળની પ્રક્રિયા નિયામક તેમજ શિક્ષણ વિભાગ અને મંત્રીકક્ષાએ આખરી ઓપ આપી જે નિયમો છે તે ઝડપથી બહાર પાડી અને જે બદલી કેમ્પો અટકેલા છે ઝડપી કરવામાં આવે એવી અમારી રજૂઆત અને માગણી હતી.

દિગ્વીજયસિંહ જાડેજાએ કહ્યું કે, અમારી માંગણી હતી કે, ઓનલાઈન અને જિલ્લા ફેરના કેમ્પો ઝડપી કરવામાં આવે, જ્યાં જ્યા કોર્ટ મેટર કે અન્ય વિસગતતા છે દૂર કરવામાં આવે તેવી ચર્ચા અને માંગણીઓ કરવામાં આવી છે.

# રાજ્યમાં ૨૫માંથી ૧૩ નદીઓનું પાણી નહાવા લાયક પણ નથી

**લોકસભામાં સાંસદના સવાલના જવાબમાં ચોંકાવનારો ખુલાસા**

અમદાવાદ, તા.૬

ગુજરાતની કેટલીક નદીઓનું પાણી પીવાલાયક તો દૂર નહાવાલાયક પણ નથી. ગુજરાતની સાબરમતી, ખારી, ભાદર, અમલાખાડી, વિશ્વામિત્રી અને ઢાઢર સૌથી વધુ પ્રદૂષિત નદીઓ છે. જ્યારે મીંઢોળા, માહી, શેઢી, ભોગાવો, ભૂખી ખાડી, દમણગંગા, તાપી નહીં ન્હાવાલાયક પ્રદૂષિત નદીઓના લિસ્ટમાં છે. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પ્રેસ



કોન્ફરન્સનું આયોજન કરીને ગુજરાતની નદીઓના પ્રદૂષણ અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર કેવી રીતે ઉદાસીન છે? તે અંગે જણાવ્યું હતું. કોંગ્રેસના કહેવા પ્રમાણે, લોકસભામાં કેન્દ્ર સરકારે નદીઓનાં પ્રદૂષણ ઘટાડવા અંગે વર્ષ ૨૦૨૨-૨૩માં એક પણ રુપિયો ફાળવ્યો છે. ભારતમાં ૬૦૩ નદીઓમાં પાણી શુધ્ધ નથી. સમગ્ર ભારતમાં બીજા નંબરની સૌથી પ્રદૂષિત નદી સાબરમતી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થીવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, લોકસભામાં સાંસદના સવાલના જવાબમાં આ ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. ગુજરાત રાજ્યની ૨૫ નદીઓમાંથી ૧૩ નદીઓના પાણી નહાવાલાયક નથી. એક સમયે નદીના પાણી પીવાલાયક હતા પણ પ્રદૂષણના લીધે હવે તે નહાવાલાયક પણ નથી રહ્યા. લોકસભાના અહેવાલ મુજબ કેન્દ્રના પર્યાવરણ મંત્રીએ જણાવ્યું હતું કે, દેશની ૬૦૩ નદીઓના પાણીની શુદ્ધતાની ગુણવત્તા તપાસવામાં આવી તે પૈકી ૨૭૯ નદીઓના નીર ન્હાવાલાયક નથી. ગુજરાત રાજયમાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા ૨૫ નદીઓના પાણીની ગુણવત્તા ૬૪ સ્થળો ઉપર ચકાસવામાં આવી હતી.

સાબરમતીનું વેલ્યુ સ્તર સામાન્ય કરતા ૯૭ ઘણું વધારે છે. સંશોધનમાં ગુજરાતની ૧૩ નદીઓ પ્રદૂષિત હોવાનું તારણ મળ્યું છે. આ માટે પાણી ગુણવત્તા તપાસવામાં આવી અને તેમાં ઁઙ્ઢ વેલ્યુ તપાસવામાં આવી હતી. ઁઙ્ઢ એટલે બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ જે ૩ મિલિગ્રામ પ્રતિ લીટર સુધીનું હોવું જોઈએ તો જ એ ન્હાવાલાયક ગણાય, જ્યારે સાબરમતીની ઁઙ્ઢ વેલ્યુ સ્તર ૨૯૨ જેટલું આવ્યું તે સામાન્ય કરતા ૯૭ ઘણું વધારે મળી આવ્યું છે. જ્યારે ભાદર નદીનું ઁઙ્ઢ વેલ્યુ ૨૫૮.૬ છે જે સામાન્ય કરતા ૮૬ ઘણું વધારે મળી આવ્યું છે. સાબરમતી, ભાદર, ખારી, ધાડર, અમલાખાડી, વિશ્વામિત્ર, મીંઢોળા, મહી, શેઢી, ભોગાવો, ભૂખી ખાડી, દમણગંગા, તાપીના નીર હવે ન્હાવાલાયક પણ નથી રહ્યાં. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં સૌથી વધુ ૬ પ્રદૂષિત નદીને એકપણ રુપિયો ન ફાળવીને ગુજરાતના પર્યાવરણને તમાચો માર્યો હોય તેવું લાગે છે. ગુજરાતની સૌથી વધુ પ્રદુષિત નદીને સાફ કરવા માટે ન તો ગુજરાત સરકાર તૈયાર છે ન તો કેન્દ્ર સકાર.

# પેપર લિક મામલે પેપર ખરીદનારા ૩૦ પરીક્ષાર્થીની ધરપકડ

**જુનિયર ક્લાર્ક પેપર લીક મામલે એટીએસની કાર્યવાહી : બાકી રહેલા પરીક્ષાર્થીઓની ધરપકડ કરવાની બાકી, એટીએસે વધુ ૧૦ આરોપીની પણ ધરપકડ કરી**

અમદાવાદ, તા.૬

આગામી ૦૯ એપ્રિલના રોજ રાજયમાં આશરે ૧૦ લાખ વિદ્યાર્થીઓ જુનિયર કલાર્કની પરીક્ષા આપવાના છે. અગાઉ જુનિયર ક્લાર્ક પેપર લીક કેસમાં ગુજરાત એટીએસએ હાલ વધુ ૧૦આરોપીઓની ધરપકડ કરી છે. જુનિયર ક્લાર્ક પેપર લીક મામલે અત્યાર સુધીમાં ૨૫થી વધુ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તે ઉપરાંત એટીએસએ આરોપીઓ પાસેથી પેપર ખરીદનારા ૩૦ જેટલા પરીક્ષાર્થીઓની પણ ઝડપી પાડ્યા છે. આ પેપર લીકના મુખ્ય આરોપી ભાસ્કર ચૌધરીની વડોદરા ખાતેની સ્ટેકવાઈઝ ટેકનોલોજી ઓફિસ પર દરોડા પાડીને તેની ઓફિસ ખાતેથી તથા આ કેસમાં સંડોવાયેલ અન્ય આરોપી એજન્ટોના વાહનોમાંથી આ ધરપકડ કરેલ પરીક્ષાર્થીઓના ૨૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ લેવાનાર જુનિયક કલાર્કની પરીક્ષાના કોલલેટર, કોરા ચેક, અસલ સર્ટીફિકેટ તથા અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતાં.

આ ધરપકડ કરાયેલ પરીક્ષાર્થીઓની વધુ પુછપરછ કરતાં પરીક્ષાર્થીઓને વડોદરા ખાતે સ્ટેકવાઈઝ ટેકનોલોજી ઓફિસ ખાતે જુનિયર ક્લાર્કની પરીક્ષાની આગળની રાત્રે પરીક્ષામાં પુછાનાર પ્રશ્નોની વિગતો આપવામાં આવનાર હતી. જેના બદલામાં તેઓ દ્નારા પેપરલીકના આરોપીઓને ૧૨થી ૧૫ લાખ રૂપિયા આપવાના નક્કી કરવામાં આવ્યું હતું. પોલીસે ૩૦ પરીક્ષાર્થીઓની ધરપકડ કરી છે. બાકી રહેલા પરીક્ષાર્થીઓની ધરપકડ કરવાની બાકી છે.

જુનિયર કલાર્ક પરીક્ષા પેપરલીક મામલે ગુજરાત એટીએસટીમ ખૂબ સક્રિય જોવા મળી રહી છે અને તે એક પછી એક તમામ આરોપીઓની ધરપકડ કરી રહી છે. એવામાં હાલ જુનિયર ક્લાર્ક પેપરલીક કેસમાં સંડોવાયેલા વધુ ૧૦ આરોપી ઝડપાયા છે. જે બાદ હવે જુનિયર ક્લાર્ક પેપરલીક કેસમાં અત્યાર સુધી ૨૫થી વધુ આરોપીઓ ઝડપાયા છે.

હસમુખ પટેલે જૂનિયર ક્લાર્કની પરીક્ષા મુદ્દે કહ્યું હતું કે, પરીક્ષામા હાજર રહેનાર સ્ટાફને તાલીમ અપાઈ છે. ગેરરીતિ અટકાવવા બાબતનો કાયદો લાગુ કરવામાં આવ્યો છે. જેથી ભવિષ્યમાં ઉદાહરણ રૂપ કિસ્સામાં પથી ૧૦ વર્ષ સુધીની સજા અપાવીશું. પરીક્ષાને લઈ સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે.

## કોરોનાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે ૬ કેસ નોંધાયા છે તેમાંથી પાંચ કેસ સેક્ટરોમાં અને એક કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યો છે.

શહેરમાં કેસ વધ્યા છે પણ છુટા છવાયા વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

શહેરના સેક્ટર ૨૬માંથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માં ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલાને સઘન સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ રાંદેસણ ગામેથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માંથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માંથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માં ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે ૪ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ ૬ દર્દી પૈકી પાંચ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેર-જિલ્લામાં વધતા જતા કેસોને પગલે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે સૂચનાઓ આપી છે.

## સરકારી આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિ વચ્ચે શહેરના સે-૧૬ અને સે-૧૭ માં જુના આવાસો તોડીને હવે નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે. અગાઉ સે-૧૬ અને સે-૧૭ માં સરકારી આવાસોમાં સેંકડો પરિવારોનો વસવાટ હતો જયારે સે-૧૬ માં પણ ચોકઠા કલ્ચર વચ્ચે વસાહતીઓ માટે ફેવરીટ બન્યુ હતુ. સે-૧૬ અને સે-૧૭ માં અગાઉ રહેતા રહીશો આજે પણ સેકટરના દિવસો યાદ કરે છે. ત્યારે આ સેકટરોમાં પણ હવે સમય જતા ભયજનક આવાસો તોડવામાં આવી રહ્યા છે ત્યારે આ સેકટરોમાં નવા સરકારી આવાસો બાંધવા માટે પણ આખરી આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ડેપો દ્વારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડે તે માટે યોગ્ય બસ સુવિધા મળી રહે મુજબનુ આયોજન કરાયુ છે. જયારે રીઝર્વેશનની પ્રકીયા પણ ગઈકાલથી શરૂ કરી દેવામાં આવી છે. જે મુજબ સંખ્યાને ધ્યાનમાં રાખીને પ્રત્યેક પરીક્ષાર્થીઓને બસ વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી વિવિધ ધાર્મિક પ્રસંગો, લગ્નવર્ધિ તેમજ સરકારી કાર્યક્રમો અને પરીક્ષા દરમિયાન પણ રૂટમાં વધારાની બસો દોડાવામાં આવે છે. જેને અનુલક્ષી નાગરિકોને જરૂરી બસ સેવા ઉપલબ્ધ થાય છે જયારે એસ ટી ડેપોને પણ વધારાની આવક પ્રાપ્ત થાય છે.

## રેપો રેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેપો રેટમાં આ ફેરફાર ૨૨ મે ૨૦૨૦ પછી થયો છે. આ પછી, ૬ થી ૮ જૂનના રોજ યોજાયેલી બેઠકમાં, રેપો રેટમાં ૦.૫૦% નો વધારો કરવામાં આવ્યો હતો. આનાથી રેપો રેટ ૪.૪૦% થી વધીને ૪.૯૦% થયો. પછી ઓગસ્ટમાં તેમાં ૦.૫૦%નો વધારો કરીને તેને ૫.૪૦% કરવામાં આવ્યો. સપ્ટેમ્બરમાં વ્યાજ દર વધીને ૫.૯૦% થઈ ગયા. ત્યારબાદ ડિસેમ્બરમાં વ્યાજ દર ૬.૨૫% પર પહોંચી ગયા. આ પછી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે છેલ્લી નાણાકીય નીતિની બેઠક ફેબ્રુઆરીમાં યોજાઈ હતી, જેમાં વ્યાજ દર ૬.૨૫% થી વધારીને ૬.૫૦% કરવામાં આવ્યા હતા. રેપો રેટ એ દર છે જેના પર આરબીઆઈ બેંકોને લોન આપે છે. બેંકો આ લોનથી ગ્રાહકોને લોન આપે છે. નીચા રેપો રેટનો અર્થ એ છે કે બેંક તરફથી ઘણી પ્રકારની લોન સસ્તી થઈ જશે, જ્યારે રિવર્સ રેપો રેટ રેપો રેટની બરાબર વિરુદ્ધ છે. રિવર્સ રેટ એ દર છે કે જેના પર ઈૈંૈ બેંકો પાસેથી થાપણો પર વ્યાજ મેળવે છે. રિવર્સ રેપો રેટ દ્વારા બજારોમાં તરલતા નિયંત્રિત થાય છે. સ્થિર રેપો રેટનો અર્થ એ છે કે બેંકો પાસેથી લોનના દરો પણ સ્થિર રહેશે. જ્યારે ઈૈંૈ રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકો પણ મોટાભાગે વ્યાજ દરો ઘટાડે છે. એટલે કે ગ્રાહકોને આપવામાં આવતી લોનના વ્યાજ દરો ઓછા હોય છે, સાથે જ ઈસ્ૈં પણ ઘટે છે. તેવી જ રીતે, જ્યારે રેપો રેટ વધે છે, ત્યારે વ્યાજ દરોમાં વધારાને કારણે ગ્રાહક માટે લોન મોંઘી બની જાય છે. આનું કારણ એ છે કે કોમર્શિયલ બેંકોને આરબીઆઈ પાસેથી ઊંચા દરે નાણાં મળે છે, જે તેમને દર વધારવાની ફરજ પાડે છે.

## ભરતી થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૨૩ નિયમો સંબંધિત સૂચના અનુસાર, ફક્ત તે જ ઉમેદવારો અરજી કરવા પાત્ર છે જેમણે માન્ય બોર્ડમાંથી મેટ્રિક (વર્ગ ૧૦) પરીક્ષા પાસ કરી હોય અથવા અન્ય કોઈપણ સમકક્ષ લાયકાત ધરાવતા હોય. ઉપરાંત, ઉમેદવારોની વય નિર્ધારિત કટ-ઓફ તારીખે ૧૮ વર્ષથી ઓછી અને ૨૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. જો કે, અનામત કેટેગરીના ઉમેદવારોને કેન્દ્ર સરકારના નિયમો અનુસાર ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. સીઆરપીએફ કોન્સ્ટેબલ ભરતી ૨૦૨૩ મેન્યુઅલમાં પસંદગી પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી નથી. જો કે, ઝઈૅહ્ર દ્વારા હાલમાં ચાલી રહેલી ૯૭૧૨ કોન્સ્ટેબલ ભરતીની સૂચના મુજબ, ઉમેદવારોની પસંદગી લેખિત કસોટી અને શારીરિક ધોરણ કસોટીના આધારે કરવામાં આવશે. લેખિત કસોટી ૨ કલાકની હશે અને સામાન્ય બુદ્ધિ અને તર્ક, સામાન્ય જ્ઞાન અને સામાન્ય જાગૃતિ, સામાન્ય ગણિત અને અંગ્રેજી/હિન્દીમાંથી દરેક ૨૫ પ્રશ્નો પૂછવામાં આવશે. દરેક સાચા જવાબ માટે ૧ માર્ક નિર્ધારિત કરવામાં આવશે અને દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ માર્ક કાપવામાં આવશે. ઉમેદવારો ભરતીની સૂચનામાં અભ્યાસક્રમની માહિતી જોઈ શકશે.

## પ્રેરક છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીને માવજત, સશક્ત અને સમૃદ્ધ બનાવી અને હું નાનામાં નાના કાર્યકરથી લઈને વરિષ્ઠ હોદ્દા સુધી દેશ અને પક્ષની સેવા કરનાર તમામ મહાન હસ્તીઓને હું નમન કરું છું. આજે આપણે દેશના ખૂણે ખૂણે ભગવાન હનુમાનજીની જન્મજયંતિની ઉજવણી કરી રહ્યા છીએ. હનુમાનજીનું જીવન અને તેમના જીવનની મુખ્ય ઘટનાઓ આજે પણ આપણને એવોર્ડ માટે પ્રેરણા આપે છે. ભારતની વિકાસ યાત્રા માટે પ્રેરણા આપે છે. હનુમાનજીમાં અપાર શક્તિ છે, પરંતુ તેઓ આ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની આત્મશંકાનો અંત આવે. ભારતમાં ૨૦૧૪ પહેલા પણ આવી જ સ્થિતિ હતી, પરંતુ આજે ભારતને બજરંગબલીજી જેવી પોતાની અંદર છુપાયેલી શક્તિઓનો અહેસાસ થયો છે. આજે ભારત સમુદ્ર જેવા વિશાળ પડકારોને પાર કરવા અને તેનો સામનો કરવા માટે પહેલા કરતા વધુ સક્ષમ છે.